

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ફેબ્રુઆરી ૨૮, ૨૦૨૨ • મહા વદ ૧૩, સંવત ૨૦૭૮

Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

## ગુજરાતમાં સિનેમા, શાળા-કોલેજ, હોટલ-રેસ્ટોરન્ટના બોર્ડ ગુજરાતીમાં રાખવા ફરજિયાત

રાજ્યમાં ગુજરાતી ભાષાનો વ્યાપ વધારવા ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગે ઠરાવ પસાર કર્યો કે, રાજ્યના આઠ મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં તમામ સરકારી કચેરીઓ, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ લખાણમાં ગુજરાતી ભાષાનો ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે. ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ પણ ગુજરાતી ભાષાના ફરજિયાત ઉપયોગની સૂચના અપાઈ છે. તમામ મનપા કમિશનરોએ આ બાબતે અમલીકરણ કરવાનું રહેશે. ૨૧ ફેબ્રુઆરીએ માતૃભાષા દિવસ પહેલા ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો હતો. જાહેર સ્થળો પર અંગ્રેજી કે હિન્દીમાં લખાણ સાથે હવેથી આ બોર્ડ ગુજરાતી ભાષામાં જોવા મળશે. આ અંગે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે દરેક લોકોએ આ ઠરાવને માત્ર સરકારી પ્રક્રિયા સમજવાને બદલે જવાબદારી સમજી તેનું પાલન થાય તે જોવું જરૂરી છે. ઠરાવમાં શિક્ષાત્મક જોગવાઈ નથી. અંગ્રેજી ભાષાના ચલણ વચ્ચે ગુજરાતી ભાષાને જીવંત રાખવા સરકારનો આ પ્રયાસ સરાહનીય છે. (Source : www.gujaratsamachar.com)

હાલમાં રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલ યુધ્ધના લીધે યુક્રેન ખાતે ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે ભારત સરકાર અથાગ પ્રયત્નો કરી રહી છે. ભારતીયોને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા 'ઓપરેશન ગંગા' શરૂ કરવામાં આવેલ છે. અને આ ઓપરેશનના ભાગ રૂપે પ્રથમ ચરણમાં રોમાનિયાથી એર ઇન્ડિયાની બે ફ્લાઇટો ભારતીય નાગરોકોને લઇને ભારત આવી પહોંચી છે. આમાંની એક ફ્લાઇટ મુંબઇ ખાતે આવી છે જેમાં કુલ ૫૧ ગુજરાતીઓ પોતાના ઘેર પરત પહોંચ્યા છે. જ્યારે એર ઇન્ડિયાની બીજી ફ્લાઇટ દિલ્હી એરપોર્ટ પર આવી છે જેમાં કુલ ૪૪ ગુજરાતીઓ પોતાના ઘરે પરત પહોંચ્યા છે. મુંબઇ અને દિલ્હીથી અમદાવાદ આવવાનાં ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી હતી. 'ઓપરેશન ગંગા' અન્વયે ભારતીયોને યુક્રેનથી ભારત પરત લાવવાની કામગીરી તબક્કાવાર ચાલુ જ છે.

ગુજરાત સરકારના એન.આર.આઇ. પ્રભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓને મદદ કરવાના આશયથી સવારના ૯.૦૦ કલાકથી રાત્રિના ૯.૦૦ કલાક સુધી હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. જેમાં જુદા જુદા જીલ્લાઓમાંથી યુક્રેન સ્થિત ગુજરાતીઓની વિગતો ઇ-મેઇલ/ફોનથી મળી રહી છે. જેમાં તમામને વિદેશ મંત્રાલય અને યુક્રેન સ્થિત ભારતની એલચી સાથે વેબસાઇટના માધ્યમથી કે Twitter, Facebook, Instagram જેવા સોશ્યલ મીડિયાના માધ્યમથી લેટેસ્ટ અપડેટ મેળવવા જણાવાય છે.

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.


Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

## દીપ્તિ વૈદ દેઢિયા ન્યૂજર્સીમાં પ્રથમ ભારતીય જજ બન્યાં



મૂળ માંડવી તાલુકાના નાનકડા શેરડી ગામના અને લાંબા સમયથી અમેરિકા સ્થાયી થયેલા અગ્રણીનાં પુત્રવધૂએ ન્યૂજર્સીમાં પ્રથમ ભારતીય મહિલા ન્યાયાધિશ બનવાનું બહુમાન મેળવ્યું છે. પાંચ દાયકા પહેલાં મુંબઇ અને પછી ધંધાર્થે અમેરિકામાં સ્થાયી થયેલા શેરડી ગામના દેવજીભાઇ દેઢિયાનાં પુત્રવધૂ દીપ્તિબેન સચિન દેઢિયા તાજેતરમાં ન્યૂજર્સી ખાતે મ્યુનિસિપલ કોર્ટના જજ બન્યાં છે. તેમનાં માતા ન્યૂજર્સીના એડિસન શહેરમાં રિટેઇલ વ્યવસાય શરૂ કરનારા પ્રથમ મહિલા હતાં તો સાસુ પણ ગેસ્ટ હાઉસ ચલાવનારા પ્રથમ મહિલા હતાં. આગામી સમયમાં પણ સમાજ આવી જ રીતે મહિલાઓને પ્રોત્સાહિત કરતો રહેશે તેવી આશા દિપ્તીબેને વ્યક્ત કરી હતી.

(Source : www.divyabhaskar.co.in)

## અમેરિકા સ્થિત દાતા દર્શક પટેલને એક કરોડના દાન બદલ દાનભાસ્કર એવોર્ડ એનાયત



શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના ઉપક્રમે ચારુસેટ કેમ્પસમાં અમેરિકા સ્થિત દાતા દર્શક પટેલને દાનભાસ્કર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ચારુસેટ હોસ્પિટલ માટે રૂપિયા એક કરોડનું દાન આપનાર મૂળ આણંદના વતની અને અમેરિકામાં પ્લાઝા ગ્રુપના સ્થાપક દાતા દર્શક જયંતિભાઈ પટેલને આ એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે ચારુસેટ હોસ્પિટલમાં 'ધરતી એન્ડ દર્શક જે. પટેલ E N T ડિપાર્ટમેન્ટ' તરીકે નામકરણ કરવામાં આવ્યું હતું. દેશવિદેશના દાતાઓના સહયોગથી અત્યાર સુધીમાં ૨૦૦ કરોડથી વધુ ફંડ પ્રાપ્ત થયું છે. (Source : https://gujarattimesusa.com)

## બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ દ્વારા ગૌરવ અને ગિરનાર એવોર્ડ એનાયત

બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા તાજેતરમાં દાદર ખાતે યોગી હૉલમાં ગુજરાતી ગૌરવ અને ગિરનાર એવોર્ડ - ૨૦૨૨ એનાયત સમારોહ યોજાયો હતો જેમાં અધ્યક્ષસ્થાને બોમ્બે સ્ટોક એક્સચેન્જના એમડી અને સીઇઓ આશિષકુમાર ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજને ગુજરાતી ગૌરવ એવોર્ડ એનાયત કરાયો હતો. પદ્મશ્રી ડૉ. પ્રકાશ કોઠારીને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ અને સવાયા ગુજરાતી એવોર્ડ નિવૃત્ત ન્યાયાધીશ કમલકિશોર તાતેડને અર્પણ કરાયો હતો. ઉપરાંત ૧૬ ગરવા ગુજરાતીઓને ગિરનાર એવોર્ડ આપવામાં આવ્યો હતો. ગુજરાતી સમાજના અધ્યક્ષ હેમરાજ શાહે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે સમાજનું આ ૩૭મુ વર્ષ છે. મહારાષ્ટ્રની ધરતી પર વસેલા ગુજરાતીઓએ ગુજરાતની સંસ્કારિતા અને સૌમ્યતા જાળવી રાખીને વધુ ઊજળી કરી છે.

(સંદર્ભ : ફૂલછાબ, તા.૧૫.૨.૨૦૨૨)

## માધવપુરમાં વિદેશ સ્થિત દાતાઓના સહયોગથી રેશન કિટનું વિતરણ



પવિત્ર ભૂમિ માધવપુરને આંગણે રામચંદ્રજી અને જલારામ બાપાના સાંનિધ્યમાં જલારામ મંદિર એન્ડ કોમ્યુનિટી સેન્ટર ગ્રીનફર્ડ લંડન (યુકે)ના ઉપક્રમે યુકેના દાતાશ્રીઓના સહયોગથી ૧૦૧ પરિવારોને રેશન કિટ આપવામાં આવી હતી. માધવપુર અને આસપાસના વિસ્તારમાં પરપ્રાંતીય શ્રમજીવી વર્ગ રોજીરોટી મેળવવા આવે છે. આવા વ્યક્તિઓ પાસે રહેવા માટે સ્થાયી મકાન પણ નથી હોતા. આ પ્રસંગે માધવપુર ગામના સરપંચ તેમજ અન્ય મહાનુભાવો અને મહિલા મંડળ હાજર રહ્યા હતા. (સંદર્ભ : ફૂલછાબ, તા.૧૫.૨.૨૦૨૨)

## મૂળ ગુજરાતના બે ભાઈએ અમેરિકામાં આંખે પાટા બાંધી માત્ર નિર્દેશોનું પાલન કરીને વિમાન ચલાવ્યું



સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખોબા જેવડા અખિયાણા ગામના બે ભાઇએ એવિએશન ક્ષેત્રે મહત્ત્વનો પ્રયોગ કરી બતાવતા અમેરિકાના મિયામીમાં આંખે પાટા બાંધી એક કલાક સુધી વિમાન ચલાવી ઇતિહાસ રચ્યો હતો. 'પ્રોજેક્ટ પૃથ્વીરાજ ચૌહાણ' નામના આ ક્રાંતિકારી પ્રયોગની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. અખિયાણા ગામે રહેતા રસિકભાઇ પંચાલનો મોટો દીકરો પાર્થ પંચાલ અમેરિકાના ફ્લોરિડા સ્ટેટના મિયામી સિટી ખાતે કેપ્ટન છે, જ્યારે તેમનો નાનો દીકરો વ્યોમ પણ પાયલોટ છે.

(Source : www.divyabhaskar.co.in)

## ઇન્ડો-કેનેડા ચેમ્બરની સમિતિમાં હેમંત શાહની વરણી



ઇન્ડો-કેનેડા ચેમ્બર ઓફ કોમર્સના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મૂળ ભારતીય અને કેનેડામાં સ્થાયી થયેલા બિઝનેસમેન હેમંત શાહની વરણી ચેમ્બરના એડવાઇઝરી બોર્ડમાં સભ્ય તરીકે કરવામાં આવી છે. ભારત અને કેનેડા સાથેના પરસ્પર વેપારને વિકસાવવામાં શ્રી શાહની ભૂમિકા પાયારૂપ રહી છે. તેમણે પાંચ દાયકા પહેલા વિનીપેગમાં ટ્રેડિંગ શરૂ કર્યું હતું. ધીરે ધીરે વેપાર વિસ્તાર કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે કેનેડાના વેપારને વિકસાવ્યો હતો. તેમને અનેક સન્માન મળી ચૂક્યા છે.

(Source : www.pressreader.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાટી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ
### ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.


# ભવનાથનો મેળો


અલખની આહલેક જગાવતો જૂનાગઢનો મહાશિવરાત્રીનો મેળો આદિ-અનાદિકાળથી ગિરનારની તળેટીમાં સ્થિત ભવનાથ મંદિરના સાનિધ્યમાં યોજાય છે. મહા વદ નોમના દિવસે ભવનાથ મંદિરે ધજા ચડવાની વિધિ સાથે પાંચ દિવસીય મેળાનો પ્રારંભ થાય છે જે મહાશિવરાત્રિની રાત્રે પૂર્ણ થાય છે. મહાશિવરાત્રીની રાત્રે નીકળતું નાગાબાવાઓનું સરઘસ આ મેળાનું મુખ્ય આકર્ષણ છે.

જુનાગઢ અને ગિરનાર એક સિક્કાની બે બાજુ છે. દેશના પ્રાચીન નગરોમાં જૂનાગઢનું સ્થાન છે. મહાભારત કાળના અવશેષો અહીંથી મળી આવ્યા છે. ઈસવીસન પહેલાના સમયના મોર્ય યુગનો ઈતિહાસ પણ અહીં છે. ભક્ત કવિ નરસિંહ મહેતાની આ ભૂમિ છે. જુનાગઢ શહેરથી સાતેક કિમીના અંતરે ગરવો ગિરનાર આવેલો છે. ગિરનાર તો હિમાલયથી પણ પ્રાચીન પર્વત છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મંતવ્ય અનુસાર ગિરનારનું આયુષ્ય ૨૨ કરોડ વર્ષ ઉપરનું છે. સ્કંદ-પુરાણ અને ગિરનાર મહાત્મય તેમજ અન્ય ધર્મગ્રંથો અનુસાર ગિરનાર નવનાથ, બાવન વીર, ચોસઠ જોગણીઓ અને ૮૪ સિદ્ધોનું નિવાસસ્થાન છે. અહી હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ અને જૈન ધર્મના સ્થાનકો આવેલા છે. તપસ્વીઓની આ તપોભૂમિ છે. ભગવાન ગુરુ-દતાત્રયની આ પાવનભૂમિ છે. ગિરનારનું ગુરુ ગોરખનાથનું શિખર સમુદ્રની સપાટીથી ૩૬૬૬ ફૂટની ઉચાઇએ આવેલું ગુજરાતનું સૌથી ઊંચું શિખર છે. આવા ગિરનારની ગોદમાં ભગવાન ભવનાથ મહાદેવ બિરાજેલા છે.

**ભવનાથ મંદિર :** મહાશિવરાત્રીનો મેળો ભવનાથ મહાદેવના મંદિરના સાન્નિધ્યમાં યોજાય છે. ગિરનાર મહાત્મય અને સ્કન્દપુરાણમાં ક્ષેત્રને વસ્ત્રાપથ તરીકે વર્ણવાયું છે. કથા અનુસાર, એકવાર શિવજી કૈલાસ પરથી વિહાર કરવા માટે નીકળ્યા અને ગિરનાર વિસ્તાર તરફ આવ્યા. તે સમયે શિવજી આ પ્રદેશથી મોહિત થઈને અહીં જ ધ્યાનમગ્ન થઇ ગયા હતા. બીજી તરફ ઘણો સમય પસાર થઈ જવા છતાં પણ શિવજી પરત ન આવતા માતા પાર્વતી અને અન્ય દેવગણો તેમની શોધખોળ કરવા લાગ્યા. તે દરમિયાન તેમને અહીં શિવજી ધ્યાનમગ્ન જોવા મળ્યા. ત્યારબાદ માતા પાર્વતી શિવજીને કૈલાસ પાછા લઇ જવા માટે મનાવવા લાગ્યા. પણ ગિરનારના સાધુઓએ તેમને અહીં જ રોકાઈ જવાની વિનંતી કરી આથી શિવજી અહી શિવલિંગ રૂપે પ્રગટ થયા. આ શિવલિંગ એટલે ભવનાથ મહાદેવ. તે તિથિ હતી મહા વદ ચૌદસ એટલે કે મહાશિવરાત્રી. આ પછી સમયાન્તરે અહી મંદિર બન્યું અને તેમાં ઉત્તરોત્તર સુધારાવધારા થતા ગયા. હાલનું ભવ્ય મંદિર વર્ષ ૨૦૦૦માં નવનિર્મિત થયું છે.

**મૃગીકુંડ :** ભવનાથ મંદિરમાં અંદરના ભાગે મૃગીકુંડ આવેલો છે. સ્કન્દપુરાણ અનુસાર મૃગમુખી નારી જેનું અડધું શરીર સ્ત્રીનું અને બાકીનું મૃગલી અર્થાત હરણીનું હતું, તે શ્રાપિત હતી અને શ્રાપમુક્ત થયા બાદ કાન્યકુબ્જના રાજા ભોજે તેની સાથે લગ્ન કર્યા અને તેની યાદમાં જે કુંડ બનાવ્યો તે મૃગીકુંડ કહેવાયો.







**મેળાનું મહાત્મય :** મેળાઓ તો ગુજરાતમાં દર વર્ષે ૧૫૨૧ જેટલા થાય છે. રાજકોટમાં જન્માષ્ટમી ઉપર યોજાતો મેળો આનંદ-પ્રમોદનો મેળો છે. પોરબંદર પંથકના માધવપુર (ઘેડ)માં યોજાતો ભગવાન શ્રીકૃષ્ણ અને રાણી રુક્ષ્મણીના લગ્નનો મેળો ગૃહસ્થાશ્રમનો સૂચક છે. જ્યારે કંકુવરણી પાંચાળભૂમિમાં યોજાતો તરણેતરનો મેળો યૌવનના પ્રતીક સમાન છે. પરંતુ મહાશિવરાત્રીનો આ મેળો જ એક એવો છે કે જેના કેન્દ્રસ્થાને સંસારીઓ નહિ પરંતુ સાધુ-સંતો છે. જીવના શિવ સાથેના મિલનનો મહિમા આ મેળો સૂચવે છે. અહીં મોજમજા નહીં પરંતુ શિવભક્તિનું મહત્વ રહેલું છે. આ મેળો ક્યારથી શરૂ કરવામાં આવ્યો છે તે અંગેનો ચોક્કસ ઇતિહાસ તો પ્રાપ્ત થતો નથી પણ જૂનાગઢના ઇતિહાસવિદ ડો. પ્રદ્યુમ્ન ખાચરના મત અનુસાર આજે જે સ્વરૂપે મેળો છે તે છેલ્લા દોઢસો વર્ષથી તો પ્રચલિત છે જ. કહેવામાં આવે છે કે, નવાબોના રાજમાં પણ મેળાનું આયોજન કરવામાં આવતું હતું અને તે સમયે તેઓ મેળામાં જરૂરી મદદ પણ કરતા હતા. આપણા વડીલોનું માનીએ તો તેઓની લોકવાયકા અનુસાર, પહેલાના સમયે આ મેળામાં ભજન, ભંડારા અને સાધુઓની રવાડી નીકળતી હતી. જો કે આજના જેવી ભીડ થતી ન હતી. ત્યારે શિવપૂજા અને ઉપાસના મેળાના મુખ્ય હેતુ હતા. જૂનાગઢના ભવનાથના આ શિવરાત્રીના મેળાની વિશેષતા એ છે કે અહીં ભજન, ભોજન અને ભક્તિનો સમન્વય હોય છે.

**ધ્વજારોહણની પરંપરા :** પ્રતિવર્ષ મહામાસમાં વાળ નૌમ અર્થાત કૃષ્ણપક્ષની નોમના રોજ સવારે ભવનાથ મંદિરના શિખર ઉપર ધજા ચડે ત્યારથી મહાશિવરાત્રીનો મેળો શરૂ થયો ગણાય છે. નવનો અંક પૂર્ણાંક અને શુકનિયાળ ગણાય છે તેથી આ તિથી આ માટે પસંદ થઇ હશે તેવું ભાવિકો માને છે. ભવનાથ મંદિરમાં સૌ પ્રથમ ધજા મંદિરની અંદરના ભાગમાં રહેલ ભૈરવદેરી ઉપર ચડાવાય છે જે કાળા રંગની હોય છે. ભૈરવ શિવજીના મુખ્ય ગણ છે. બાકીની ધજાઓ કેસરી રંગની હોય છે જે મંદિરના મુખ્ય શિખરે, ગુરુજીની સમાધીએ, ચંડભૈરવ, મૃગીમાતાજી, દત્ત ભગવાન, ગંગનાથ અને મંદિર બહાર ચોકમાં દત્તાત્રેયની પાદુકા ઉપર ચડાવાય છે. તે દિવસે આ વિસ્તારના અન્ય મંદિરો ઉપર પણ ધજા ચડાવાય છે. આ સાથે ઉતારાઓ, ભંડારા અને ભજની રાવટીઓ શરુ થઇ જાય છે. આ સાથે જ જૂનાગઢમાં અલખની આરાધનાનો માહોલ જામી જાય છે. ધીમે ધીમે મેળો જામતો જાય છે અને મહાશિવરાત્રી સુધીમાં લાખોની સંખ્યામાં માણસો આવે છે. તળેટીમાં ભવનાથ મંદિરની જમણી બાજુએ ફક્ત આ સાધુઓ માટે રાવટી તૈયાર કરાય છે જેમાં ધૂણી ધખે છે. મંદિરના પાછળના ભાગે પણ દિગમ્બર સાધુઓ ડેરા-તંબુ તાણે છે. તેઓ પોતપોતાના ડેરામાં યજ્ઞકુંડ બનાવી ત્રિશૂલ અને ચીપિયો રાખી ધૂણી ધખાવે છે. આ યજ્ઞકુંડની ભભૂતી તેઓ રોજેરોજ આખા શરીરે લગાવે છે. ભગવાન ભોળાનાથ પણ ભભૂતીનો આભૂષણ સ્વરૂપે અંગિકાર કરતા હોવાથી તેમના અનુયાયી દિગમ્બર સાધુઓ પણ આખા શરીરે ભભૂતી લગાવી ભક્તિમાં લીન બની જાય છે. ભભૂતી લગાવવા પાછળ એક તર્ક એવો છે કે, હિમાલય વિસ્તારમાં ઉઘાડા શરીરે ઠંડી ન લાગે એટલા માટે ભભૂતી લગાવવામાં આવે છે. એ પરંપરા સાધુ જ્યાં જાય ત્યાં ચાલુ રાખે છે.

દેશમાં હાલ ૧૩ અખાડાઓ આવેલા છે. તેમાંથી જૂના, આહ્વાન, મહાનિર્વાણ, આનંદ, અટલ અને અગ્નિ એમ છ અખાડાઓમાં નાગા સન્યાસીઓને દીક્ષા આપવામાં આવે છે. દરેક અખાડાઓની અલગ-અલગ ઓળખ છે. દરેક અખાડાનું સંચાલન તેનાં મુખ્ય કેન્દ્ર અને શાખાઓ મારફત કરવામાં આવતું હોય છે, જ્યારે કુંભનો મેળો ભરાય ત્યારે આ તમામ અખાડાઓના સાધુઓ તેમાં સામેલ થાય છે. નાગા સન્યાસીઓમાં કેટલાક કાયમી રીતે નિર્વસ્ત્ર રહેતા હોય છે તો કેટલાક કુંભ કે શિવરાત્રિના મેળા સમયે જ દિગમ્બર અવસ્થામાં રહે છે.

અહીં ભજન-ભક્તિનું વિશેષ મહત્વ છે. મેળાના સમગ્ર વિસ્તારમાં આવેલી રાવટીઓ અને ઉતારાઓમાં સમીસાંજે ભજન સરવાણી શરુ થાય છે જે આખી રાત ચાલે છે. જીવના શિવ સાથેના મિલન અને પરમતત્વની ઝાંખી આ ભજનોમાં જોવા મળે છે, જેમાં શિવભક્તિની વાતો સવિશેષ હોય છે. ભજનો સાંભળવા લોકો રાતભર વિવિધ રાવટીઓમાં ફરતા રહે છે. ભજન-ભક્તિની સાથોસાથ અહીં અન્નક્ષેત્રો સતત ધમધમતા રહે છે. સેવાભાવીઓ મેળામાં આવતા લાખો માણસોને આગ્રહ કરીને જમાડે છે. આવા ડઝનબંધ ભંડારાઓ અહીં ચાલે છે.







**નાગાબાવાઓનું સરઘસ :** મહાશિવરાત્રીએ રાતે નવ વાગ્યે ભવનાથ મંદિરની પાછળના ભાગે આવેલા શ્રી શંભુ પાંચ દસનામી જુના અખાડા ખાતેથી નાગાબાવાઓનું સરઘસ નીકળે છે જે આ મેળાનું મુખ્ય આકર્ષણ છે. એ નિહાળવા લાખો લોકો, કલાકોથી યોગ્ય જગ્યાએ ગોઠવાઈ જાય છે. ભવનાથના સમગ્ર વિસ્તારની વિવિધ જ્ઞાતિની જગ્યાઓ, વાડી અને ધર્મશાળાઓ, મંદિરોની અગાસીઓ, ઝરૂખા, છાપરા અને વૃક્ષો ઉપર આબાલ - વૃદ્ધો, પુરુષો અને મહિલાઓના સમૂહો જોવા મળે છે. ક્યાંય પગ મૂકવાની જગ્યા હોતી નથી એવી પ્રચંડ ભીડ જામે છે. જાણે કે કુંભના મેળામાં આવી ચડ્યા હોઈએ તેવું લાગે. એવું પણ કહેવાય છે કે કુંભમેળામાં ક્યારેય ન જઈ શક્યા હો તો આ મેળો કુંભમેળાના નાના ભાઈ જેવો જ છે અને તેમાં રાત્રે નીકળતી નાગા સાધુઓની રવાડી એ દેશમાં કુંભમેળા પછી બીજા નંબરે મળતી સાધુઓની યાત્રા છે.


સરઘસની પરંપરા અનુસાર સૌપ્રથમ પંચદશનામી અખાડાની પાલખી ભગવાન દત્તાત્રેયની હોય છે. તે ઉપરાંત અભાવ અખાડાના ગાદીપતિની પાલખી અને અગ્નિ અખાડાના ગાયત્રીજીની પાલખી હોય છે. તેમની પટ્ટાબાજી અને લાઠીદાવના ખેલ અદભુત હોય છે. અગ્નિ અખાડાના સાધુઓ અને રમતું પંચ પણ જોડાય છે. સૌ તેમની ધજાઓ, ધર્મદંડ સાથે જોડાય છે. નાગાબાવાઓ તલવાર, ભાલા અને પટ્ટાબાજીના દાવ કરતા હોય છે. લાઠીઓ પણ ઘુમાવે છે જેને વિશાળ જનસંખ્યા મંત્રમુગ્ધ બનીને નિહાળે છે. આ સાધુઓ મૂક રીતે એવું સૂચવે છે કે ધર્મની રક્ષા કાજે અમે શસ્ત્રો ધારણ કરી શકીએ એમ છીએ. અમે તો વસ્ત્રહીન અવસ્થામાં રહીએ છીએ, કોઈ વસ્તુનો મોહ નથી.

સરઘસ પૂર્વે મહાશિવરાત્રીના રોજ બપોરે ચાર વાગ્યાની આસપાસ ભવનાથ મંદિરનો દરવાજો દર્શનાર્થીઓ માટે બંધ કરી દેવાય છે, જે મધરાત પછી ભાવિકો માટે ખુલે છે. જુના અખાડા ખાતેથી સરઘસ નીકળતા પહેલા ત્યાં રહેલ ગુરુ દત્તાત્રેય ભગવાનની ચરણ-પાદુકાનું પૂજન થાય છે કારણ કે તેઓ સાધુ સમાજના શિરોમણી અને ગિરનાર ક્ષેત્રના સર્વોપરી ગણાય છે. પોલીસ બેન્ડની મધુર સુરાવલીઓ સાથે નીકળેલું આ સરઘસ આ વિસ્તારમાં મધરાત સુધી ફરે છે. આ મેળાનો ભાગ બનવા મહા વદ તેરસે બપોર સુધીમાં જૂનાગઢની ગિરનાર તળેટીમાં ભક્તો પહોંચી જાય છે, કારણ કે પાંચ કિલોમીટર દૂર ગિરનાર દરવાજા ખાતે વાહનો મૂકીને અંદર પગપાળા પહોંચવાનું થાય છે અને મહાશિવરાત્રીએ ચાર વાગ્યા પછી પગપાળા પણ અંદર ભવનાથ મંદિર સુધી જઈ શકાતું નથી.

**મહાસ્નાન :** મધ્યરાત્રીના અરસામાં સરઘસ ભવનાથ મંદિર પાછું ફરે છે. કાયમ બંધ રહેતો મંદિરનો બીજો દરવાજો તે સમયે ખુલે છે અને તેમાં નાગાબાવાઓ અને અન્ય સંતો પ્રવેશી ત્યાં રહેલ મૃગીકુંડમાં હર હર મહાદેવ બોલીને સ્નાન કરવા પડે છે. અન્ય સાધુ પણ સ્નાન કરે છે. સાધુઓનું આ સ્નાન મહાસ્નાન તરીકે જાણીતું છે. કુંભના સ્નાન જેટલું જ તેનું મહત્વ છે. આ પ્રસંગે શિવજી પોતે જ મંદિરની મુલાકાત લે છે તેવી લોકોની આસ્થા છે. ગિરનાર પર નવ અમરનાથ અને ચોર્યાસી સિદ્ધોનો વાસ હોવાનું કહેવામાં આવે છે, અને તે બધા મહાશિવરાત્રી દરમિયાન તેમના અદ્રશ્ય ભાવના રૂપે મંદિરની મુલાકાત લે છે. ભગવાન શંકરની સાથે અશ્વત્સ્થામા, રાજા ગોપીચંદ, રાજા ભરથરી જેવા અન્ય દીવ્યાત્માઓ પણ મૃગીકુંડમાં સ્નાન કરી જાય છે, કોઈને કોઈ સ્વરૂપે તેઓ સ્નાન કરવા આવે છે તેવી ભાવિકોની માન્યતા છે.

**મહાપૂજા :** મૃગીકુંડમાં મહાસ્નાન પછી ભવનાથ મંદિરમાં સાધુઓ મહાપૂજા કરે છે જે નિશિથ પૂજા તરીકે ઓળખાય છે. આ સમયે મહામૃત્યુંજય મંત્ર, શિવ મહિમ્ન, રુદ્રાભિષેક જેવી શિવ સ્તુતિઓ મંદિરમાં ગાજી ઉઠે છે. પછી ઝડપભેર નાગાબાવાઓ અહીંથી ચાલ્યા જાય છે. લોકો એમ માને છે કે તેઓ અદ્રશ્ય થઇ જાય છે. ત્યારબાદ ભાવિકો દર્શન કરે છે. ભાંગની પ્રસાદી લે છે. લાખો લોકોના જયઘોષથી ગિરનારની કંદરાઓ ગુંજી ઉઠે છે અને સાથે જ મહાશિવરાત્રીનો આ મેળો સંપન્ન થાય છે.

(Sources & Photo Courtesy : https://tejasraval.wordpress.com, https://gujaratilekh.com, https://chitralekha.com, https://new-img.patrika.com, https://krishnadharajiya.com, https://banjhankrii.wordpress.com, www.topindianfestivals.com, https://gujarati.oneindia.com, https://static.langimg.com, https://i.ytimg.com)






# બીલનાથ મહાદેવ

પોરબંદરથી ૩૦ કિલોમીટર દૂર આવેલા બિલેશ્વર ગામના બિલનાથ મહાદેવ મંદિર પ્રત્યે શિવભકતોને અનેરી શ્રધ્ધા છે. સ્વયંભૂ બિલનાથ મહાદેવ દાદાનું આ મંદિર આશરે ૧૩૦૦ વર્ષથી પણ વધુ જુનું અને પૌરાણિક છે.

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકામાં બિલેશ્વર ગામ આવેલું છે. આ ગામ બિલેશ્વરી (બિલ્વગંગા) નદી પર બરડા ટેકરીની પૂર્વ તરફ આવેલું છે. બિલ્વગંગા નદી બરડા ટેકરીઓમાંથી નીકળીને આ ગામની પાસેથી વહે છે. આગળ જતાં તે ખીરસરા આગળ મીણસાર નદીને મળે છે. આ ગામમાં બિલેશ્વર મહાદેવનું પ્રાચીન કાળનું સુંદર રીતે સંવર્ધિત મંદિર છે. બિલેશ્વર કે બિલનાથ મહાદેવ નજીક આવેલી બિલ્વગંગા નદીના કિનારે અસંખ્ય બિલીપત્રના વૃક્ષો છે, ભકતો ત્યાં જળ



અર્પણ કરી ધન્યતા અનુભવે છે.

બિલનાથ મહાદેવનું આ મંદિર મૈત્રક કાળ દરમિયાન બંધાયેલું છે અને મૈત્રક કાળમાં બંધાયેલા મંદિરોમાં સૌથી ભવ્ય અને વિશાળ મંદિર છે. મંદિરના સ્થાપત્ય વિષે વાત કરીએ તો ઊંચી પીઠ પર આવેલા આ સાતમી સદીના પશ્ચિમાભિમુખ મંદિરને મંડપ નથી પરંતુ પ્રદક્ષિણા પથને આગળના ભાગે વધાર્યો છે. મૈત્રકકાળનું આ મોટામાં મોટું મંદિર છે. છ સ્તરીય અને ચૈત્યભાતથી અલંકૃત ગવાક્ષો ધરાવતા આ મંદિરના ચોથા સ્તરે જોવા મળતો અષ્ટકોણીય કર્ણકૂટ દ્રાવિડ અસર દર્શાવે છે. ઉપલા માળે ઝરૂખા સાથેના ઓરડા એ ૧૭મી સદીનું ઉમેરણ છે જે સમયસમયે થયેલા પરિવર્તનમાંનું એક છે. વિમાનકર શ્રેણીનું પણ આ સૌથી વિશાળ મંદિર છે. મંદિરમાં દ્રવિડ શૈલીનો પ્રભાવ જોઈ શકાય છે. મંદિરની દીવાલો બહારની અને અંદરની બાજુએથી વિવિધ ઘાટના ભીંતા-સ્તંભો વડે વિભૂષિત કરેલી

છે. સ્તંભો નીચે ચોરસ અને ઉપરના ભાગે અષ્ટકોણ એવા 'વજ્રક' પ્રકારના છે. ગૂઢમંડપ લંબચોરસ છે જ્યારે બાકીના અંગ સમચોરસ છે. દીવાલોના મથાળે વલભી અને કપોતના થર છે. ગર્ભગૃહ ઉપર સર્પાકાર શિખરના છ છાદ્યો પૈકી નીચલા પાંચ ચંદ્રશાલાના સુશોભન ધરાવે છે. એમના ખૂણા કર્ણકૂટોથી વિભૂષિત છે. સૌથી ઉપરનો થર સાવ સાદો છે. એ પર આમલક અને કળશની રચના છે. શિખરના પૂર્વ ભાગે ઉત્તુંગ-નિર્ગત શૂરસેનકની રચના સોલંકી કાળના શિખરના અગ્ર ભાગે રચાતા શુકનાસની ગરજ સારે છે. શિખરના થરોના ખૂણાઓ પર પ્રયોજાયેલા કર્ણકૂટોનું આકાર વૈવિધ્ય નોંધપાત્ર છે. ગર્ભગૃહમાં મોટા કદનું સ્વયંભૂ શિવલિંગ (ખડકનો ભાગ હોય તેવું) છે. ગર્ભગૃહની દ્વારશાખ પછીના સમયની છે. મંદિરનો સમય સાતમી સદીના પ્રારંભનો હોવાનું ગણાય છે. ગુજરાતમાં આવેલા શિવમંદિરોમાં નંદી મંદિરની અંદર જ હોય છે જ્યારે આ મંદિરમાં દક્ષિણ ભારતીય પરંપરા મુજબ નંદી મંદિરની બહાર સામેના પ્રાંગણમાં ઊંચા ઓટલા પર બિરાજમાન છે.

એવું કહેવાય છે કે મુસ્લિમ સેનાએ ગામને કબજે કરી લીધું હતું અને શિવલિંગને તોડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ શિવલિંગ જાતે જ ફાટ્યું અને તેમાંથી મધમાખીઓ નીકળી અને સેના પર હુમલો કર્યો અને કેટલાય સૈનિકો માર્યા ગયા.

બિલેશ્વરનું મૂળ કૃષ્ણ સુધી જાય છે. સત્યભામાએ કૃષ્ણને પારિજાત વૃક્ષ મેળવવા કહ્યું, જે માત્ર ઇંદ્રના બગીચામાં થતું હતું. કૃષ્ણએ નારદ મુનિને વૃક્ષ લેવા મોકલ્યા પરંતુ ઇન્દ્રે તે આપવાની ના પાડી અને પોતાની સાથે યુદ્ધ કરવા કહ્યું. કૃષ્ણ બગીચામાં ગયા અને તે લઇ લીધું. બંને વચ્ચે યુદ્ધ નક્કી જ હતું, પરંતુ સૂર્યાસ્ત થતા તેઓએ પવિત્ર ડુંગર, જે હવે બરડો ડુંગર કહેવાય છે, તેના પર આરામ કર્યો. સવાર પડતા કૃષ્ણએ ગંગાની પૂજા કરી અને ગંગા એક ગુફામાંથી ઉત્પન્ન થઇ અને કૃષ્ણે તેને બિલ-ગંગા નામ આપ્યું. કૃષ્ણએ હવે શિવની પૂજા કરી અને પ્રસન્ન થઇ કૃષ્ણને તેમની ઇચ્છાપૂર્તિ માટે કહ્યું. કૃષ્ણએ ત્યારબાદ શિવલિંગની સ્થાપના કરી તેને બિલવદકેશ્વર નામ આપ્યું, જે અપભ્રંશ થઇને બિલેશ્વર બન્યું. અન્ય કથા મુજબ કૃષ્ણએ પુત્રપ્રાપ્તિ માટે સાત મહિના સુધી શિવલિંગની પૂજા બિલીપત્રો વડે કરી તેથી આ જગ્યા બિલેશ્વર કહેવાય છે. આ સમયે પૂજામાં શુધ્ધ જળ ચડાવવા માટે સ્વયં માતા ગંગાને આહવાન કરી પ્રગટ કર્યા હતા. માટે અહીં બિલનાથ મહાદેવના શિવલીંગ પાછળ માતા ગંગા અને પાર્વતી પણ સાથે બિરાજમાન છે. અહીં દર વર્ષે શ્રાવણ સુદ ચૌદસે, શિવરાત્રિએ અને શ્રાવણ સુદ આઠમના દિવસે એમ ત્રણ મેળા ભરાય છે. આસપાસના ક્ષેત્રના રબારી અહીં ઘણી આસ્થા ધરાવે છે અને કેટલાંય ઘીના દીવા જોઈ શકાય છે. તેમાંનો એક પોરબંદરના રાણા તરફથી પ્રગટાવાય છે. આસપાસના જિલ્લાના ચારણ અને રબારીઓ તેમનું એક દિવસનું માખણ આ મંદિરને ભેટ ધરે છે. પોરબંદર રજવાડાએ આ મંદિરને અમુક જમીન અને નવાનગર રજવાડાએ સજડીયાળી ગામ આ મંદિરને ધર્માદામાં આપ્યું હતું.

(Sources : www.gujaratsamachar.com, https://sandesh.com, શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન દ્વારા પ્રકાશિત 'મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ')

